જા.નં./મા-૨/૨૦૨૪/ ૧૩૦૧

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૨૩ /૦૬/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, અનુદાનિત, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
જિ - સુરત.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર નો તા.૨૧/૦૬/૨૦૨૪ પત્ર અન્વયે તમામ શાળાઓને જાણ તથા અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૨૪/૧૭૯૮-૧૮૩૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૧/૦૬/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,(તમામ)
ગુજરાત રાજ્ય

વિષય : ધોરણ-૯ અને ૧૦ માં વૈદિક ગણિતના સ્વૈચ્છિક ધોરણે અમલીકરણ બાબત.
સંદર્ભ : તા.૦૭/૦૬/૨૦૨૪ ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:૦૩/૨૦૨૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે શિક્ષણ વિભાગના તા.૨૩/૧૨/૨૦૨૧ ના ઠરાવ અન્વયે ધોરણ-૬ થી ૧૦ માં વૈદિક ગણિતનો અભ્યાસ કરાવવાનો નિર્ણય સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે. ઉક્ત ઠરાવની જોગવાઈ અનુસાર સ્કૂલ ઓફ એક્સલન્સ (SOE) અંતર્ગત તબક્કાવાર પસંદ થનાર ૨૦,૦૦૦ સરકારી અને અનુદાનિત શાળાઓમાં વૈદિક ગણિતનો ફરજીયાત અમલ કરવાનો રહેશે. જ્યારે અન્ય સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર શાળાઓમાં સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને લઈ સ્વૈચ્છિક ધોરણે અમલ કરવાનો રહેશે તેમ જણાવેલ છે.

ઉક્ત ઠરાવ અન્વયે જે શાળાઓ સ્વૈચ્છિક ધોરણે ધોરણ-૯ અને ધોરણ-૧૦ માં વિદ્યાર્થીઓને વૈદિક ગણિતનો અભ્યાસ કરાવવા માંગતી હોય તેમના માટે વૈદિક ગણિતના અમલીકરણ અંગેની કાર્યપદ્ધતિ તજજ્ઞો દ્વારા તૈયાર કરાવવામાં આવેલ હતી અને તા.૦૭/૦૬/૨૦૨૪ ના રોજ મળેલ બોર્ડની શૈક્ષણિક સમિતિની બેઠકમાં સદર બાબત સંદર્ભદર્શિત ઠરાવથી સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ છે.

ઉક્ત વિગતે આપના જિલ્લાની જે સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર શાળાઓ શૈક્ષણિક વર્ષ-૨૦૨૪-૨૫ થી ધોરણ-૯ માં વૈદિક ગણિતનો સ્વૈચ્છિક ધોરણે અમલ કરવા માંગતી હોય તે શાળાઓએ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીને આ સાથે સામેલ ધોરણ-૯/૧૦ વૈદિક ગણિતના અમલીકરણની કાર્યપદ્ધતિમાં દર્શાવ્યા મુજબ દરખાસ્ત કરવાની રહેશે તેમજ આપની કક્ષાએ તેની મંજૂરી આપવાની રહેશે. આપના દ્વારા આ અંગેની જાણ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીને કરવાની રહેશે. ઉક્ત વિગતો આપના જિલ્લાની તમામ માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપવા વિનંતી છે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરત.
આવક નંબર :- 3630
તારીખ :- 21/6
સંખ્યા :-
સહી :-

બિડાણ-ઉપર મુજબ

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના:
... ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

# એનેક્ષર-1

## ધોરણ-૯, ૧૦ વૈદિક ગણિત અમલીકરણની કાર્યપદ્ધતિ:-

❖ મંજૂરીની પ્રક્રિયા:-

શિક્ષણ વિભાગના તા.૨૩/૧૨/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:જશભ/૧૨૨૧/શિ.ફા.-૯/ન અન્વયે સ્કૂલ ઓફ એક્સલન્સ (SOE) અંતર્ગત સરકારી અને અનુદાનિત શાળામાં ધોરણ-૯ અને ધોરણ-૧૦ માં વૈદિક ગણિત શિક્ષણનો ફરજીયાત અમલ કરવાનો થાય છે.

SOE સિવાયની અન્ય સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર શાળાઓ સ્વૈચ્છિક રીતે વૈદિક ગણિતનું શિક્ષણ કાર્ય શરૂ કરવા માંગતી હોય તેમના માટે મંજૂરીની પ્રક્રિયા નીચે મુજબ કરવાની રહેશે.

→ શાળાએ વૈદિક ગણિત શિક્ષણ કાર્ય શરૂ કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને લેખિત દરખાસ્ત કરવી.

→ દરખાસ્તમાં ધોરણ-૯ અને ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓની સંખ્યા, વર્ગોની સંખ્યા તથા ગણિતના શિક્ષકની માહિતી રજુ કરવી.

→ જિલ્લા શિક્ષણાધિકારીએ આ અંગે મંજૂરી આપવાની રહેશે તેમજ તેની જાણ બોર્ડને કરવાની રહેશે.

## વૈદિક ગણિત શિક્ષણ માર્ગદર્શન:-

→ વૈદિક ગણિતનું શિક્ષણ કાર્ય શાળાના ગણિત વિષયના શિક્ષકે કરાવવાનું રહેશે.

→ વૈદિક ગણિત માટે ધોરણ-૯ અને ધોરણ-૧૦ માટે ગણિત વિષયના નિયત કરેલ તાસ પૈકી વર્ગદીઠ સાપ્તાહિક એક તાસની ફાળવણી કરવી.

→ વૈદિક ગણિતના પાઠ્યપુસ્તકમાં દર્શાવેલ પદ્ધતિ મુજબ વિષયાંગ શિખવવા.

→ વૈદિક ગણિતના પાઠ્યપુસ્તકમાં આપેલ QR CODE દ્વારા વિષયાંગની વિસ્તૃત સમજ કેળવીને શીખવી શકાય.

→ વૈદિક ગણિતના પાઠ્યપુસ્તક અંતર્ગત વિષયાંગની વિસ્તૃત સમજ/માહિતી/માર્ગદર્શન માટે નીચેના તજજ્ઞોનો સંપર્ક કરી શકાય.

1. ડો. નરેન્દ્ર પંચોલી ૯૮૭૯૧૮૦૯૩૧
2. ડો. રૂપેશ ભાટિયા ૯૪૨૭૬૧૪૯૫૬
3. ડો. ઋષિકેશ ઠક્કર ૯૪૨૮૯૬૧૪૨૨

4. વિજયસિંહ ખેર ૯૮૨૪૦૧૧૧૮૦

5. ધનરાજ ઠક્કર ૯૯૯૮૯૪૬૬૫૮

→ વૈદિક ગણિતના સૂત્રોનું સ્પષ્ટ ઉચ્ચારણ તથા સંધિવિચ્છેદ સાથે અર્થઘટન કરીને સમજાવવું.

**મૂલ્યાંકન પ્રક્રિયા:-**

→ પરીક્ષામાં વૈદિક ગણિતની રીતે ગણતરી કરીને જવાબ આપો તેવા પ્રશ્નો પૂછવા નહીં.

→ વિદ્યાર્થીએ ગણિતના પ્રશ્નપત્રમાં કોઈ પ્રશ્ન/દાખલાનો જવાબ વૈદિક ગણિતની પદ્ધતિથી આપેલ હોય તો તેનું યોગ્ય મૂલ્યાંકન કરવું.

**વૈદિક ગણિત અંગેની પ્રવૃત્તિઓ:-**

રાજ્યનો શાળાઓમાં ધોરણ-૯, ૧૦ માં વૈદિક ગણિતના અમલીકરણ બાબતના અનુસંધાને વૈદિક ગણિત વિષય અંતર્ગત શાળા કક્ષાએ કરી શકાય તેવી પ્રવૃત્તિઓ...

- દિ. ૨૨ ડિસેમ્બર – રાષ્ટ્રીય ગણિત દિવસ
- દિ. ૨ ફેબ્રુઆરી – સ્વાંમી ભારતીકૃષ્ણતીર્થજી મહારાજની પુણ્યતિથિ
- દિ. ૧૪ માર્ચ – સ્વામી ભારતીકૃષ્ણતીર્થજી મહારાજની જન્મજ્યંતિ

ઉપરોક્ત ત્રણ દિવસોએ અથવા શાળાને અનુકૂળ હોય તે દિવસે શાળા કક્ષાએ વૈદિક ગણિત અંતર્ગત નીચેની પ્રવૃત્તિઓ યોજી શકાય.

- વૈદિક ગણિતના તજજ્ઞ દ્વારા વિદ્યાર્થીઓ માટે વર્કશોપ/સેમિનાર યોજી શકાય.
- વૈદિક ગણિતની ઉપયોગિતા/મહત્વ, ભારતીય પ્રાચીન ગણિત તેમજ ગણિતજ્ઞો અને તેમના યોગદાન જેવા વિષય પર નિબંધલેખન અને વકતૃત્વ સ્પર્ધા/વાર્તાકથન/નાટિકા પ્રસ્તુત કરી શકાય.
- વૈદિક ગણિત વિષય પર તજજ્ઞ દ્વારા વ્યાખ્યાન રાખી શકાય.
- શિક્ષકો દ્વારા વૈદિક ગણિતની પદ્ધતિઓની PPT તૈયાર કરી નિદર્શન કરી શકાય.
- વૈદિક ગણિત અને વર્તમાન ગણિતની પદ્ધતિનું મહત્વ દર્શાવતા વિષયબિંદુ પર રોલ પ્લે/નાટિકા રજૂ કરી શકાય.
- વૈદિક ગણિત આધારિત વિવિધ પદ્ધતિઓના ચાર્ટ વિદ્યાર્થીઓ તૈયાર કરે અને પદ્ધતિ સમજાવે. આ અંગે વૈદિક ગણિત પ્રદર્શન યોજી શકાય.

- ➢ શિક્ષકો દ્વારા વૈદિક ગણિત આધારિત ક્રિયાત્મક સંશોધન કરી શકાય.
- ➢ શાળામાં વૈદિક ગણિત કક્ષની રચના કરી શકાય. કક્ષમાં વૈદિક ગણિતની પદ્ધતિઓના ચાર્ટ લગાવેલા હોય, વૈદિક ગણિતનું સંદર્ભ સાહિત્ય હોય, વૈદિક ગણિત અંતર્ગત કાર્યક્રમો થતાં હોય, કક્ષમાં વૈદિક ગણિતના સૂત્રો લગાવેલાં હોય...
- ➢ શાળાના પુસ્તકાલયમાં વૈદિક ગણિતના સંદર્ભ પુસ્તકો વસાવવા જોઈએ.
- ➢ શાળામાં વૈદિક ગણિતની પદ્ધતિ આધારિત ક્વિઝ કરી શકાય. જેમ કે, વિવિધ પ્રશ્ન ચક્રોમાં પ્રશ્નોના જવાબ નિયત સેકન્ડમાં આપવાના હોય.

દા.ત. (૧) ૪૬૭૩ x ૯૯૯૯ = ?

(૨) $૧૦૭^{૨}$ = ?

(૩) ૨૧૩ x ૧૧૨ = ?

નોંધ:- ક્વિઝમાં પ્રશ્નોના જવાબ માટે વિકલ્પો આપી શકાય.

- ક્વિઝ PPT દ્વારા પણ યોજી શકાય
- ક્વિઝમાં ગણિત શાસ્ત્રીઓના ફોટા અને પરિચય આધારિત પ્રશ્નચક્ર રાખી શકાય.

- ➢ શાળાની પ્રાર્થનાસભામાં ગણિત શિક્ષક દ્વારા અથવા વિદ્યાર્થી દ્વારા વૈદિક ગણિતના મહત્વ વિશે અથવા કોઈ એક પદ્ધતિ વિશે જાણકારી આપી શકાય.
- ➢ ગણિત મંડળ અંતર્ગત વૈદિક ગણિત પ્રવૃત્તિઓનો સમાવેશ કરવો.